This page is printed from: http://www.akilanews.com/Main_news/Pdf/13-01-2018/121736

સવારે ચા સાંજે
અકિલા ન્યુઝ .કોમ

તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ વિક્રમ સંવત્ ૨૦૭૪ પોષ વદ - ૧૨ શનિવાર

મુખ્ય સમાચાર

News of Friday, 12th January 2018

### કેજરીવાલના મોદી સરકાર પર પ્રહારો

## નોટબંધી, GST હવે FDI: નાના વેપારીઓને મરવા જેવું



નવી દિલ્હી તા. ૧૨ : મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે મોદી સરકાર પર શાબ્દિક હારો કર્યા હતા. તેઓએ સિંગલ બ્રાંડ રિટેઇલમાં ૧૦૦ ટકા **FDI**ના ફેંસલાનો વિરોધ કર્યો હતો. કેજરીવાલે કહ્યાં કે, 'છેલ્લાં એક વર્ષમાં વેપારીઓને ત્રણ વખત માર પડ્યો છે જેમાં એક નોટબંધી, બીજું **GST** અને હવે **FDI**નો સમાવેશ થયો છે.' અહીં જાણ કરવાની કે હાલમાં જ કેન્દ્ર સરકારે સિંગલ બ્રાંડ રીટેલ, કન્સ્ટ્રકશન સેકટરમાં ઓટોમેટિક રૂટથી ૧૦૦„ની સાથે એર ઇન્ડિયામાં ૪૯„ **FDI**ને મંજૂરી આપી છે. કેજરીવાલે ટ્વિટમાં કહ્યાં કે, 'એક વર્ષમાં વેપારીઓને સરકાર તરફથી ત્રણ વખત માર સહન કરવો પડ્યો છે. જેમાં પહેલાં નોટબંધી, પછી **GST** અને હવે **FDI**. નાના અને મધ્યમ કદના વેપારીઓ માટે મરવા જેવી સ્થિતિ ઊભી થઇ ગઇ છે.'

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિન્હાએ મધ્યદેશના નરસિંહપુરમાં એકવખત ફરી મોદી સરકારની નીતિઓ પર નિશાન સાધ્યું છે.તેઓએ કહ્યાં કે, 'ભાજપે જે ઘોષણા પત્ર તૈયાર કર્યુ હતું, તે મુજબ મોદી સરકાર કામ નથી

કરી રહી.' યશવંત સિન્હાએ વધુમાં કહ્યાં કે, 'તેઓ પોતાને દોષી માને છે કે મોદી સરકાર ચૂંટણી ઢંઢેરા મુજબ ખેડૂતોને લાભ નથી આપી રહી. તો **FDI**થી દેશને કોઇ જ ફાયદો નથી થવાનો.' તો ગોવિંદાચાર્યએ કહ્યાં કે આ નીતિઓને લાગુ કરવાનું કારણ આર્થિક સુધાર છે, પરંતુ તેના પરિણામો ગંભીર હોય શકે છે.(૨૧.૨૩)

(2:07 pm IST)